### વહીવટી તંત્રની ઉતાવળ ભારે પડી

# વડોદરા ડેરીના ચેરમેન-વાઈસ ચેરમેન સામેની 76(B)ની નોટિસમાં મુદત પડી

**સત્તાધીશોને** નોટિસમાં જે રિપોર્ટનો ઉલ્લેખ હતો તેની નકલ જ ન સોંપાઈ; હવે 23મી માર્ચે વધુ સુનાવણી

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરાના સહકારી ક્ષેત્રમાં ભૂકંપ સર્જનારી 76(B)ની નોટિસના મામલે આજે એક નવો વળાંક આવ્યો છે. ડેરીના ચેરમેન અને વાઈસ ચેરમેન વિરુદ્ધ શરૂ કરવામાં આવેલી હોદ્દા પરથી દૂર કરવાની પ્રક્રિયામાં વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી 'ઉતાવળ'ને કારણે કાયદાકીય ગૂંચ ઉભી થઈ છે. નોટિસમાં જે ગંભીર રિપોર્ટ અને ભલામણોનો આધાર લેવાયો હતો, તેની નકલો જ પક્ષકારોને પૂરી પાડવામાં ન આવતા આખરે આ મામલે મુદત પાડવાની ફરજ પડી છે.

મળતી વિગતો અનુસાર, સહકારી કાયદાની કલમ 76(B) હેઠળ ચેરમેન અને વાઈસ ચેરમેનને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી હતી. આ નોટિસને પગલે વડોદરાના રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળ્યો હતો. જોકે, આ પ્રક્રિયામાં કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન ન થયું હોવાનું સામે આવ્યું છે. નિયમ મુજબ, જ્યારે કોઈ પદાધિકારી સામે ગંભીર આક્ષેપો સાથે નોટિસ આપવામાં આવે, ત્યારે તેની સાથે જે-તે તપાસ અહેવાલની નકલ આપવી અનિવાર્ય હોય છે, જેથી સામો પક્ષ પોતાનો બચાવ રજૂ કરી શકે.

આશ્ચર્યજનક રીતે, સત્તાધારી પક્ષના હોદ્દેદારોને નોટિસ તો આપી દેવામાં આવી, પરંતુ તેમાં ઉલ્લેખ કરાયેલા સ્પેશિયલ ઓડિટરના અહેવાલ અને મુખ્ય કારોબારી અધિકારી (CEO)ની ભલામણની નકલની બજવણી જ કરવામાં આવી નહોતી. આ ટેકનિકલ ખામીને કારણે પક્ષકારોએ વાંધો ઉઠાવ્યો હતો કે પુરાવા વગર તેઓ જવાબ કઈ રીતે આપી શકે? આથી, વહીવટી તંત્રને પોતાની ભૂલ સુધારવાની ફરજ પડી છે.

હાલ પૂરતી આ મામલે મુદત પાડવામાં આવી છે અને આગામી સુનાવણી 23 માર્ચના રોજ નિયત કરવામાં આવી છે. આ દરમિયાન તંત્રએ સ્પેશિયલ ઓડિટરનો સંપૂર્ણ અહેવાલ અને CEOની ભલામણની અધિકૃત નકલ ડેરીના પદાધિકારીઓને સોંપવી પડશે. દસ્તાવેજો મળ્યા બાદ જ ચેરમેન અને વાઈસ ચેરમેન પોતાનો લેખિત ખુલાસો રજૂ કરશે.

વડોદરાના સહકારી આલમમાં એવી પણ ચર્ચાઓ ચાલી રહી છે કે, કોઈ ચોક્કસ દબાણ હેઠળ કે ઉતાવળમાં આ નોટિસ કાઢવામાં આવી હતી, જેને કારણે પાયાની પ્રક્રિયામાં ચૂક રહી ગઈ છે. હવે 23 માર્ચની સુનાવણીમાં તંત્ર આ દસ્તાવેજો રજૂ કર્યા બાદ મામલો કઈ દિશામાં ફંટાય છે તેના પર સહકારી અગ્રણીઓની નજર છે.

### સેકશન Dમા વિદ્યાર્થીને સારો એવો બોધ પાઠ મળે એવું વાર્તા લેખન પુછવામાં આવ્યું

# ધો.10 દ્વિતીય ભાષા ગુજરાતીના પેપરમાં દિકરી ઘરની દિવડી પર નિબંધ પૂછાયો

**સેકસન** A તથા B વિભાગ સવિસ્તાર પ્રશ્નોમા શરણાઈના સુર, ઝબક જ્યોત તથા જીવન અંજલી થાજો, જેવા પ્રશ્નો પુછવામાં આવ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.13

ગુજરાત શિક્ષણ બોર્ડની ધો.10ના ગુજરાતી વિષયનું પેપર હતું. આ પેપર ખુબ જ સરળ હતું. વિદ્યાર્થીઓને પહેલો જ સેકસન A તથા B વિભાગ સવિસ્તાર પ્રશ્નોમા શરણાઈના સુર, ઝબક જ્યોત તથા જીવન અંજલી થાજો, જેવા પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. ગુજરાતીના પેપર અંગે એજ્યુકેશન એક્સપર્ટ નિરવ જોષીએ જણાવ્યું હતું કે, સેકસન A ગદ્ય વિભાગની વાત જેમાં ખાલી જગ્યાઓ, જોડકા, તથા ખરા-ખોટું, એક વાક્ય ના, બે વાક્ય નાં તથા સવિસ્તાર જવાબ પાઠ્યપુસ્તકો આધારીત હતાં.

જ્યારે સેક્શન B પદ્ય વિભાગ માં પાઠ્યપુસ્તકો આધારીત કાવ્યોમાંથી સીધેસીધા જ ખાલી જગ્યાઓ, જોડકા તથા ખરા ખોટું, એક વાક્ય ના, બે વાક્ય ના તથા સવિસ્તાર જવાબ પાઠ્યપુસ્તકો આધારીત પુછવામાં આવ્યા હતા અને આ પેપરમાં સેક્શન Cની વાત કરીએ તો તે સંપૂર્ણ વ્યાકરણ આધારીત હતું અને જ્યારે સેકશન Dમા વિદ્યાર્થીને સારો એવો બોધ પાઠ મળે એવું વાર્તા લેખન પુછવામાં આવ્યું હતું તથા નિબંધ લેખન તેમાં દિકરી ઘરની દિવડી, સ્વછતા ત્યાં પ્રભુતા, પુસ્તક માનવી ના સાચા મિત્રો જેવા નિબંધ 8 માર્કસમાં પુછવામાં આવ્યા હતા. બાકીના પ્રશ્નો સીધા ટેકસબુક આધારીત હતા.

જેથી વિદ્યાર્થીઓને પણ આમાં કોઈ તકલીફ પડી નથી. જેઓએ સારી રીતે તૈયારી કરી હશે તે વિદ્યાર્થીઓને આ પેપર ખુબ જ સરળ લાગ્યું હતું. જ્યારે જેની તૈયારી ઓછી રહી હતી, એ વિદ્યાર્થીઓને આ પેપર થોડું મોડરેટર લાગ્યું હશે. ઓવર ઓલ પેપરમાં સેક્શન A, B, C , D સેક્શનમાં વિદ્યાર્થીને ખુબ જ સરળ લાગ્યું હતું.

#### ધો.12 આર્ટસમાં ભૂગોળના પેપરમાં ધ્વનિ પ્રદૂષણ જેવા પ્રશ્નો પુછાયા

વિભાગ A માં MCQ સરળ પૂછવામાં આવ્યા, વિભાગ B એક વાક્યના પ્રશ્નો જવાબ પૂછાયા, તેમાં ગુજરાતમાંથી કયા નંબરનો રાષ્ટ્ર ધોરીમાર્ગ પસાર થાય છે. જેવા પ્રશ્ન પૂછાતા બાળકોને લખવામાં ઘણા આસાન રહ્યા. વિભાગ C બે માર્કના પ્રશ્નો પણ બાળકોને લખવામાં સરળ રહ્યા. વિભાગ D ધ્વનિ પ્રદૂષણ જેવા પ્રશ્ન પૂછાતા બાળકોને લખવાની ખૂબ જ મજા આવી, વિભાગ E પ્રદૂષણ અટકાવવાના ઉપાયો અને નકશા પૂર્તિ પૂછાતા બાળકોને લખવામાં ઘણા આસાન રહ્યા. આમ, એકંદરે આજનું ભૂગોળનું પેપર સરળ હતું અને બાળકોના કુલ માર્ક આવે તેવી પૂરેપૂરી શક્યતા છે. એટલે કુલ મળીને કહીએ તો ભૂગોળનું પેપર વધારે મુશ્કેલ નહોતું, અને તૈયારી કરનાર વિદ્યાર્થીઓ માટે સ્કોરિંગ પેપર ગણાય છે. **- રવિ વઢવાણા,** એજ્યુકેશન એક્સપર્ટ

### ઉનાળાના તાપ સાથે ચૂંટણીનો તાપ વધશે

# એપ્રિલ 2026માં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાય તેવી પ્રબળ શક્યતા

**15 મહાનગરપાલિકા** અને 34 જિલ્લા પંચાયતોની 10,000 થી વધુ બેઠકો માટે યોજાશે મહાસંગ્રામ

(પ્રતિનિધિ) વડોદરા તા.13

ગુજરાતમાં લાંબા સમયથી જેની રાહ જોવાઈ રહી છે તેવી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. વર્ષ 2026 ના એપ્રિલ માસમાં રાજ્યની મહાનગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની ચૂંટણી યોજાય તેવી પ્રબળ શક્યતા છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આ અંગેની તૈયારીઓ અંતિમ તબક્કામાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

વડોદરા શહેર અને જિલ્લામાં આ સમાચાર વહેતા થતા જ રાજકીય પક્ષોમાં દોડધામ શરૂ થઈ ગઈ છે. વડોદરા મહાનગરપાલિકા ઉપરાંત જિલ્લાની 5 જેટલી નગરપાલિકાઓ અને તાલુકા પંચાયતોમાં સત્તા કબજે કરવા માટે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ અત્યારથી જ રણનીતિ ઘડવાનું શરૂ કરી દીધું છે. ખાસ કરીને વડોદરાના ગ્રામ્ય વિસ્તારોમાં બેઠકોનો દોર શરૂ થઈ ગયો છે.

વર્ષ 2026 માં યોજાનારી આ ચૂંટણી માટે નવા સીમાંકન અને ઓબીસી અનામતની બેઠકોની ફાળવણીની પ્રક્રિયા લગભગ પૂર્ણ થઈ ગઈ છે. ફેબ્રુઆરી 2026 માં પ્રસિદ્ધ થયેલી આખરી મતદાર યાદી મુજબ હવે વહીવટી તંત્ર મતદાન મથકોની ગોઠવણીમાં વ્યસ્ત છે. માર્ચ 2026 ના અંત સુધીમાં ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થઈ શકે છે.

આ ચૂંટણી માત્ર વડોદરા પૂરતી સીમિત નથી, પરંતુ અમદાવાદ, સુરત, રાજકોટ અને જામનગર સહિત સમગ્ર ગુજરાતમાં એકસાથે યોજાશે. રાજ્યની કુલ 15 મહાનગરપાલિકાઓ, 34 જિલ્લા પંચાયતો અને 262 તાલુકા પંચાયતોની અંદાજે 10,000 જેટલી બેઠકો પર મતદાન થશે. 2027 ની વિધાનસભા ચૂંટણી પહેલા આ ચૂંટણીને તમામ પક્ષો પોતાની લોકપ્રિયતા સાબિત કરવાની અંતિમ તક માની રહ્યા છે.

વડોદરા સહિત રાજ્યભરના નાગરિકો હવે સ્થાનિક સરકારની પસંદગી કરવા માટે આતુર છે, ત્યારે આગામી થોડા દિવસોમાં રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર તારીખોની જાહેરાત કરવામાં આવે તેવી સંભાવના છે.

# ડિલિવરી બોય, ડ્રાઇવર અને ગ્રાહકનો વેશ ધારણ કરી આરોપીને ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડયો

**20 વર્ષથી** ફરાર આરોપી મહારાષ્ટ્રના વસઇ-વિરારમાં વસવાટ કરતો હતો

(પ્રતિનિધિ) વડોદરા તા.13

ડી.સી.પી.હિમાંશુ કુમાર વર્મા અને ઈન્ચાર્જ એસીપી ડી.જે. ચાવડાના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સપેક્ટર આર.જી. જાડેજા અને એચ.ડી. તુવરના નેતૃત્વમાં પો.સબ.ઈન્સ. બી.એસ. વાળા અને તેમની ટીમ દ્વારા નાસતા ફરતા આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

શોધખોળ દરમિયાન જાણવા મળ્યું કે વડોદરા શહેરના મકરપુરા પોલીસ સ્ટેશનના અપહરણના ગુનામાં સંડોવાયેલ આરોપી ફિરોજખાન મુસ્તાકખાન પઠાણ છેલ્લા 20 વર્ષથી પોલીસ ધરપકડથી બચવા માટે નાસતો ફરતો હતો. ટેકનિકલ સર્વેલન્સ અને માનવ સૂત્રોની મદદથી માહિતી મળી કે આરોપી હાલ મહારાષ્ટ્રના વસઈ-વિરાર વિસ્તારમાં રહે છે.

આ માહિતીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે વસઈ-વિરાર વિસ્તારમાં સતત વોચ રાખી વિવિધ વેશ ધારણ કરીને ગુપ્ત તપાસ હાથ ધરી હતી. ટીમના સભ્યોએ ક્યારેક ફૂડ ડિલિવરી બોય, ક્યારેક ટ્રાન્સપોર્ટ ડ્રાઈવર તો ક્યારેક ગ્રાહક બની તપાસ કરતાં અંતે આરોપી ફિરોજખાન મુસ્તાકખાન પઠાણ (ઉ.વ.55) રહે. એકરોપોલીસ એપાર્ટમેન્ટ, વિરાર વેસ્ટ, જી. પાલઘર, મહારાષ્ટ્ર (મૂળ વતનઃ સલીમપુર ગામ, તા. ખાગા, જી. ફતેહપુર, ઉત્તર પ્રદેશ) ને શોધી કાઢી ઝડપી પાડ્યો હતો.

પોલીસ પૂછપરછ દરમિયાન ખુલ્યું કે આરોપી અગાઉ મકરપુરા વિસ્તારમાં મરઘીની દુકાન ચલાવતો હતો. તેની દુકાન સામે રહેતી એક સગીરાને લલચાવી લગ્ન કરવાની નીતિથી અપહરણ કરી લઈ જતાં તેના વિરુદ્ધ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.અંતે ક્રાઈમ બ્રાન્ચે આરોપીને કબ્જે કરી આગળની તપાસ માટે મકરપુરા પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.

### નિઝામપુરામાં લાઇન ફાટતા રોડ ઉંચકાયો, અકસ્માતનો ભય

# એક તરફ પ્રજા પાણી માટે તરસી રહી છે તો બીજી તરફ રસ્તાઓ પર વહેતી નદીઓ!



(પ્રતિનિધિ) વડોદરા તા.13

સંસ્કારી નગરી વડોદરામાં એક તરફ ઉનાળાની શરૂઆતે અનેક વિસ્તારોમાં પાણી માટે હાહાકાર મચેલો છે, ત્યારે બીજી તરફ પાલિકાની લાપરવાહીને કારણે જેલ રોડ અને નિઝામપુરા જેવા વિસ્તારોમાં લાખો લિટર પીવાનું શુદ્ધ પાણી રસ્તાઓ પર વહી રહ્યું છે. નિઝામપુરામાં તો સ્થિતિ એવી વિકટ છે કે પાણીના પ્રેશરને કારણે આખો રોડ ફાટીને ઊંચો આવી ગયો છે, જેના કારણે વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ પણ વધ્યું છે.


નિઝામપુરા વિસ્તારમાં પાણીની મુખ્ય લાઈનમાં મોટું ભંગાણ પડતા રસ્તાઓ પર જાણે નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. આ ભંગાણ એટલું ગંભીર હતું કે પાણીનો રેલો 2 થી 3 કિલોમીટર દૂર સુધી પહોંચ્યો હતો. આશ્ચર્યની વાત તો એ છે કે, થોડા દિવસો પહેલા જ જે જગ્યાએ સમારકામ કરવામાં આવ્યું હતું, ત્યાં જ ફરી ભંગાણ સર્જાયું છે. આ ઘટનાએ પાલિકાની કામગીરીની ગુણવત્તા પર મોટા સવાલો ઉભા કર્યા છે.

સ્થાનિકોમાં ચર્ચા છે કે, "ઉપરવાલા દેતા હૈ તો છપ્પર ફાડ કે દેતા હૈ, પણ વડોદરા પાલિકા જ્યારે આપે છે ત્યારે રોડ ફાડ કે આપે છે." પાણીના પ્રચંડ ફોર્સને કારણે રોડનો એક આખો હિસ્સો ઉંચકાઈ જતાં પાલિકાની રોડ શાખાની કામગીરી સામે પણ આંગળી ચીંધાઈ રહી છે. હલકી ગુણવત્તાના રોડને કારણે પાણી નીચે ઉતરતા જ રસ્તો ફાટી ગયો હતો, જે હવે વાહનચાલકો માટે મોતના કૂવા સમાન સાબિત થઈ શકે છે.

### તરસાલી બાયપાસ વિસ્તારમાં ઘરેલુ ઝઘડામાં પોલીસ પહોંચતા કર્મચારી સાથે ઝપાઝપી

# દારૂના નશામાં યુવકનો 112 વાનના ડ્રાઈવર પર હુમલો, ફરજમાં રૂકાવટનો ગુનો દાખલ કરાયો

**દારૂ** પીધેલી હાલતમાં હોય મારા મારી કરતા પ્રોહિબિશનનો ગુનો પણ નોંધાયો



(પ્રતિનિધિ) વડોદરા, તા.13

વડોદરા શહેરના તરસાલી બાયપાસ વિસ્તારમાં આવેલા શ્રીજી આંગણ સોસાયટીમાં પારિવારિક ઝઘડો છોડાવવા પહોંચેલી 112 હેલ્પલાઈન ટીમ સાથે દારૂના નશામાં ધૂત બનેલા યુવકે ઝપાઝપી કરી 112 વાનના ડ્રાઈવર પર હુમલો કર્યો હતો. પોલીસે આરોપી સામે સરકારી ફરજમાં રૂકાવટ તથા પ્રોહીબિશનનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા સુસેન-112 ઈન્ચાર્જ અ.હે.કો. ચેતનસિંહ વિક્રમસિંહ દ્વારા નોંધાવેલી ફરીયાદ મુજબ તા.12 માર્ચ, 2026ના રોજ 112 હેલ્પલાઈનની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન સાંજે આશરે 8:20 વાગ્યે કંટ્રોલ રૂમમાંથી ઓફેન્સ અગેન્સ્ટ વુમન ડોમેસ્ટિક વાયોલન્સ" અંગેનો ઈવેન્ટ મળતા ટીમ તરસાલી બાયપાસ નજીક આવેલી શ્રીજી આંગણ સોસાયટી ખાતે પહોંચી હતી.પોલીસ સ્થળ પર પહોંચતા બે વ્યક્તિઓ દારૂના નશામાં ઝઘડો કરતા જોવા મળ્યા હતા. પોલીસે બંનેને સમજાવી શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો. પૂછપરછ દરમિયાન તેમની ઓળખ બિપીનભાઈ વિનુભાઈ રોહિત અને વિનુભાઈ કાલિદાસ રોહિત તરીકે થઈ હતી. બંને દારૂના નશામાં હોવાનું જણાતા પોલીસે તેમને કાબૂમાં લઈ 112 બોલેરો ગાડીમાં બેસાડવાનો પ્રયાસ કર્યો હતો.

તે દરમિયાન આરોપી બિપીનભાઈ વિનુભાઈ રોહિતે પોલીસ સાથે આવેલા ડ્રાઈવર વિષ્ણુભાઈ કિશોરભાઈ બારીયા સાથે ઝપાઝપી કરી તેની છાતીના ભાગે મુક્કો મારી હુમલો કર્યો હતો. જેના કારણે પોલીસની ફરજમાં અડચણ ઊભી થતા કંટ્રોલ રૂમને જાણ કરી વધારાની પોલીસ મદદ બોલાવવામાં આવી હતી.

આ બનાવ અંગે પોલીસ સ્ટેશનમાં આરોપી બિપીનભાઈ વિનુભાઈ રોહિત સરકારી ફરજમાં રૂકાવટ સાથે વિરુદ્ધ પ્રોહિબિશન હેઠળ પણ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# સુભાનપુરા હાઈટેન્શન રોડ પરના મંદિરમાંથી ચાંદીના આભૂષણોની ચોરી

**મોડી** રાત્રિના સમયે ચોરો મંદિરને નિશાન બનાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા શહેરના ગોરવા સભાનપૂરા હાઈટેન્શન રોડ પર રહેતા કૌશલભાઈ કૈલાશચંદ્ર વોરાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ સયાજી ગંજ ખાતે આવેલ સિલ્વર વાઇન કોમ્પ્લેક્સમાં ખાતે "કાર્ગો કુરિયર" નામે પોતાની ઓફિસ ચલાવી જીવન ગુજરાન ચલાવે છે. કૌશલભાઈ અને તેમના પરિવારજનો જૈન ધર્મ પાળતા હોવાથી આશરે બે વર્ષ પહેલા પોતાના મકાનના પરિસરમાં શીતલનાથ ગૃહ ચૈત્ય મંદિર બનાવ્યું હતું. અહીં રોજ સવાર-સાંજ પૂજા અર્ચના કરવામાં આવે છે. મંદિરની સેવા માટે દેવેંદ્ર ઈન્દ્રસિંહ રાઠવા (રહે. તળાવ ફળિયા, મોટી બુમડી ગામ, જેતપુર પાવી તાલુકા)ને પૂજારી તરીકે રાખવામાં આવ્યા હતા. તા. 6 જૂન 2026 ના રોજ રાત્રે આશરે 8.30 વાગ્યે કૌશલભાઈએ મંદિરમાં પૂજા કરી મંદિર બંધ કરી ઘર તરફ ગયા હતા. ત્યારબાદ બીજા દિવસે તા. 7 જાન્યુઆરી 2026ના રોજ વહેલી સવારે પૂજારી દેવેંદ્ર રાઠવા આશરે ૫ વાગ્યાના સુમારે મંદિરની ચાવી લેવા આવ્યા હતા. ચાવી લઈને નીચે જઈ થોડા જ સમયમાં ઉપર આવી તેમણે જણાવ્યું કે મંદિરનું તાળું તૂટેલી હાલતમાં છે અને દરવાજો ખુલ્લો છે.

આ માહિતી મળતાં કૌશલભાઈ નીચે જઈ તપાસ કરતા મંદિરના ગેટનો નકુચો તૂટેલો જોવા મળ્યો હતો. અંદર જઈ તપાસ કરતા ભગવાન શીતલનાથની ત્રણ મૂર્તિઓ ઉપર ચડાવેલા ચાંદીના આભૂષણો ગાયબ હોવાનું જણાયું. જેમાં ત્રણ ચાંદીના મુગટ, છ કાનના કુંડળ, ત્રણ કલગી, પાંચ છલ્લા, બે કળશ, બે થાળી, બે વાટકી, એક મંગળ દીવો, બે માળા તથા એક ચાંદીની આંગી સહિત કુલ અંદાજે રૂ. 1.90 લાખથી વધુના ચાંદીના આભૂષણોની ચોરી થયાનું જાણવા મળ્યું હતું.

# ન્યૂ અલકાપુરીમાં રહેતા વેપારી સાથે લોન અપાવવાના બહાને 12.08 લાખની છેતરપિંડી

**ફાઇનાન્સ** કંપનીના સંચાલકો એ રૂપિયા 14.48 લાખ પડાવ્યા, માત્ર 2.40 લાખ પરત આપ્યા બાકીના નહિ આપતા ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

વડોદરા શહેરમાં બિઝનેસ લોન અપાવવાના બહાને ન્યૂ અલકાપુરી વિસ્તારમાં રહેતા એક વેપારી પાસેથી ફાઈનાન્સ કંપનીના સંચાલકો દ્વારા રૂ.12.08 લાખની છેતરપિંડી કરવામાં આવી છે. આ મામલે વેપારીએ વારંવાર માંગણી કરતા માત્ર 2.40 લાખ પરત કર્યા છે. બાકીના રૂપિયા નહીં આપતા વેપારીએ પોલીસના દ્વાર ખખડાવ્યા છે.

વડોદરાના સેવાસી રોડ ન્યૂ અલકાપુરી વિસ્તારમાં રહેતા વેપારી યશુ ભગવાનદાસ જિંદાલ વાઘોડીયા રોડ વિસ્તારમાં આવેલી પોતાની સાલાસર મેટલ્સ નામની કંપની મારફતે વેપાર કરે છે. નવેમ્બર 2024 દરમિયાન તેમને એક ફાઈનાન્સ કંપની તરફથી વનિતાબેન નામની મહિલાનો ફોન આવ્યો હતો. ફોનમાં બિઝનેસ માટે રૂ.6.25 કરોડ સુધીની લોન ઉપલબ્ધ કરાવી આપવાની ઓફર કરવામાં આવી હતી.

આ અંગે વધુ ચર્ચા કરવા તેઓ વડોદરા શહેરના જેતલપુર રોડ પર આવેલા ગ્લેસિયર કોમ્પ્લેક્સમાં આવેલી કંપનીની ઓફિસે ગયા હતા. ત્યાં કંપનીના સંચાલક સહિતના કર્મચારીઓએ લોન પ્રક્રિયા, સ્થળ વેરિફિકેશન તથા પ્રોસેસિંગ ફી સહિતના ખર્ચના બહાને અલગ અલગ તબક્કામાં રૂપિયા માંગ્યા હતા.

વેપારી દ્વારા તા.5 ડિસેમ્બર 2024ના રોજ ઓનલાઈન ટ્રાન્સફર દ્વારા રૂ.5 લાખ તથા તા.6 ડિસેમ્બર 2024ના રોજ રૂ.1.50 લાખ કંપનીના એકાઉન્ટમાં જમા કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ કંપનીના ડાયરેક્ટર તરીકે કામ કરતી ભાવના ગજાનંદ ભટ્ટના ખાતામાં તા.27 ડિસેમ્બરના રોજ રૂ.3 લાખ અને તા.28 ડિસેમ્બર ના રોજ રૂ.50 હજાર એનઈએફટી દ્વારા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

ઉપરાંત સ્થળ વેરિફિકેશનના બહાને કંપનીના કર્મચારી શ્રેયશ ઉર્ફે સાહિલ મીઠાને રૂ.2 લાખ તથા અન્ય ખર્ચના નામે રૂ.8 હજાર આપવામાં આવ્યા હતા. તેમજ કંપનીના મેનેજર જગદીશ ઉર્ફે જિગ્નેશભાઈ સોનીને રૂ.2.40 લાખ રોકડ ચૂકવવામાં આવ્યા હતા. આ રીતે આરોપીઓએ વેપારી પાસેથી રૂ.14.48 લાખ પડાવ્યા હતા. જેમાંથી બાદમાં જિગ્નેશભાઈ સોનીએ રૂ.2.40 લાખ પરત આપ્યા હતા, જ્યારે બાકી રહેલા રૂ.12.08 લાખ આજદિન સુધી પરત આપવામાં આવ્યા નથી તેમજ લોન પણ મંજૂર કરાવવામાં આવી નથી. વેપારી સાથે લોન અપાવવાના બહાને છેતરપિંડી આચરવામાં આવી હોય તેઓએ ખાનગી ફાઈનાન્સ કંપનીના સંચાલકો તથા કર્મચારીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

### એપ્રેન્ટિસશીપ પ્રોગ્રામ દ્વારા જરૂરિયાત મુજબના AI પ્રોફેશનલ્સ તૈયાર કરાશે

# 'અદિતિ AI લેબ'નો પ્રારંભ: એન્જિનિયરિંગ પ્રતિભાઓને મળશે વૈશ્વિક પ્લેટફોર્મ

(પ્રતિનિધિ) વડોદરા તા.13

એઆઈ પાવર્ડ ડિજિટલ એન્જિનિયરિંગ ક્ષેત્રની જાણીતી ટેક કન્સલ્ટિંગ કંપની 'અદિતિ ટેક કન્સલ્ટિંગ' દ્વારા આજે વડોદરામાં 'અદિતિ એઆઈ લેબ'નો શુભારંભ કરવામાં આવ્યો છે. આ લેબનો મુખ્ય હેતુ માળખાબદ્ધ તાલીમ દ્વારા આગામી પેઢીના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એન્જિનિયર્સનું નિર્માણ કરવાનો અને ઉદ્યોગોના એઆઈ રૂપાંતરણમાં મદદરૂપ થવાનો છે.




આ લોન્ચ ઈવેન્ટમાં વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ હિમાંશુ પટેલ, CII સેન્ટ્રલ ગુજરાત ઝોનના ચેરમેન અને ઝેપ્પેલીન સિસ્ટમ્સ ઈન્ડિયાના એમડી ગૌરાંગ પી. જોશીપુરા, તથા Jet4C સાયબરશીલ્ડ ટેક્નોલોજીસના સીએમડી મયંક આર. બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. આ મહાનુભાવોએ ઉદ્યોગ અને સમાજ માટે એઆઈ, સાયબર સુરક્ષા અને ટેકનોલોજી આધારિત ઈનોવેશનના વધતા મહત્વ પર પોતાના વિચારો રજૂ કર્યા હતા.

અદિતિ લેબનું સંસ્થાગત લક્ષ્ય ગુજરાતના યુવા એન્જિનિયરોને વ્યવહારુ એઆઈ કૌશલ્યથી સજ્જ કરી યોગ્ય મેન્ટરશિપ પૂરી પાડવાનું છે. ૧૨ મહિનાનો એઆઈ એપ્રેન્ટિસશીપ પ્રોગ્રામ ખાસ કરીને એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટ્સને ઉદ્યોગો માટે તૈયાર પ્રોફેશનલ્સમાં પરિવર્તિત કરવા માટે તૈયાર કરાયો છે. આ અંતર્ગત તાલીમાર્થીઓ ટેલિકોમ, ફિન્ટેક અને મેન્યુફેક્ચરિંગ જેવા સેક્ટર્સના લાઈવ પ્રોજેક્ટ્સ પર કામ કરશે અને ડેટા એન્જિનિયરિંગથી લઈને મોડેલ ડેવલપમેન્ટ સુધીની પ્રત્યક્ષ તાલીમ મેળવશે.

અદિતિ કન્સલ્ટિંગના ઈન્ડિયા હેડ રમણા વડાવલ્લીએ જણાવ્યું હતું કે, "વિશ્વભરના સાહસો એઆઈ યુગમાં ટેકનોલોજી સિસ્ટમ્સની પુનઃકલ્પના કરી રહ્યા છે. અદિતિ એઆઈ લેબ્સ દ્વારા અમે એન્જિનિયરોની આગામી પેઢીને જટિલ પડકારો ઉકેલવા માટે સક્ષમ બનાવી રહ્યા છીએ.

# બેંક બહાર યુવકની થેલીમાંથી 2 લાખ સરકાવ્યા, બે અજાણ્યા ઈસમો ફરાર

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં બેંક બહાર યુવકને વાતોમાં ફસાવી તેની થેલીમાંથી 2 લાખ ચોરી કરાયાની ઘટના સામે આવી છે. બનાવ અંગે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે બે અજાણ્યા ઈસમો સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ માંજલપુરના શિવનગર, રઝા મસ્જિદ પાસે રહેતા મેરાજઅલી ઈદરીસઅલી શેખ (ઉ.વ. 30) તા. 13 માર્ચના રોજ બપોરે અંદાજે 12:00 થી 12:20 વાગ્યા દરમિયાન મકરપુરા GIDC વિસ્તારમાં ભુમિ બેકરી પાસે આવેલી યુનિયન બેંક ઓફ ઈન્ડિયા ખાતે રૂપિયા ઉપાડવા ગયા હતા. તેમણે બેંકમાંથી 2 લાખ ઉપાડ્યા બાદ બે અજાણ્યા ઈસમો તેમની પાસે આવ્યા હતા.

આ બંને ઈસમોમાંથી એક મજબૂત બાંધાનો હતો અને તેણે આળી બાયનો શર્ટ તથા પેન્ટ પહેરેલી હતી તેમજ હિન્દીમાં વાત કરતો હતો. જ્યારે બીજા ઈસમે આખા બાયની ટી-શર્ટ તથા પેન્ટ પહેરી હતી અને તે ગુજરાતી ભાષામાં બોલતો હતો.

બન્ને ઈસમોએ ફરિયાદીને નોટો બદલી આપવાની અને નાસ્તો કરાવવાની વાત કરી તેમને વાતોમાં ફસાવી બેંકની બહાર લઈ ગયા હતા. ત્યારબાદ એક ઈસમે ફરિયાદીની પૈસા ભરેલી થેલીમાં ચેક્સ કલરના રૂમાલમાં બાંધેલું બંડલ મૂકી દીધું અને ફરિયાદીની નજર ચૂકવી તેની થેલીમાંથી 2 લાખની રકમ કાઢી લઈ ફરાર થઈ ગયા હતા.

પછી ફરિયાદી ઘરે પહોંચ્યા બાદ બંડલ તપાસતા પહેલી અને છેલ્લી નોટ સાચી હોવાનું જણાયું, જ્યારે વચ્ચેની બધી નોટોની જગ્યાએ કાગળ મૂકવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું હતું. આ રીતે ગઠિયાઓએ ચતુરાઈપૂર્વક રૂપિયા લઈને ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે માંજલપુર પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### CEO દ્વારા શિક્ષણને વધુ વ્યવહારુ અને વૈશ્વિક ધોરણો મુજબનું બનાવવા પ્રયાસ

# આર્કિટેક્ટરમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે AI ના વિશેષ કોર્સનો સમાવેશ કરાયો

**વિદ્યાર્થીઓ** ફિલ્ડ પર જઈને વાસ્તવિક અનુભવ મેળવી શકે તે પ્રકારનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા,તા.13

નવા શૈક્ષણિક વર્ષ 2026-27 થી બી.આર્ક.ના અભ્યાસક્રમમાં મહત્ત્વના સુધારા કરવામાં આવ્યા છે. હવે પછી નવા સિલેબસ પ્રમાણે દરેક વિષયમાં પાસીંગ માર્કસ 50 ટકા કરવામાં આવ્યા છે. આ ઉપરાંત સેમેસ્ટર 9 સંપૂર્ણ રીતે ઈન્ડસ્ટ્રીઝ ટ્રેનિંગ તરીકે પૂર્ણ કરવાનું રહેશે તેવું નક્કી કરવામાં આવ્યું છે.

નવી એજ્યુકેશન પોલિસી લાગુ કરવામાં આવ્યા બાદ જે પ્રમાણે ઈજનેરી, ફાર્મસી સહિતના કોર્સમાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે. આ જ પ્રમાણે હવે કાઉન્સિલ ઓફ આર્કિટેક્ચર દ્વારા વર્ષ 2020માં લાગુ કરવામાં આવેલી પોલિસીમાં ધરખમ ફેરફાર સાથે વર્ષ 2026-27માં નવા ધારાધોરણો લાગુ કરવામાં આવ્યા છે. આ નવા ફેરફારો મુજબ, હવે વિદ્યાર્થીઓએ આધુનિક ટેકનોલોજી અને પ્રેક્ટિકલ ટ્રેનિંગ પર વધુ ધ્યાન આપવું પડશે. સૂત્રો કહે છે કે, નવા નિયમો લાગુ કર્યા બાદ તમામ એટલે કે 10 સેમેસ્ટર પૂરા થયા બાદ રિવિઝન કરીને નવા વિષયો કે નિયમો લાગુ કરવામાં આવતા હોય છે. અગાઉ 2020માં નવા ધોરણો બાદ હવે આગામી વર્ષથી ફરીવાર નવા નિયમો લાગુ કરવામાં આવ્યા છે. જેમાં નવા માળખા મુજબ, 10 સેમેસ્ટરના કુલ 276 ક્રેડિટ નક્કી કરવામાં આવ્યા છે, જેમાં દરેક સેમેસ્ટર દીઠ 26 થી 30 ક્રેડિટ મેળવવાની રહેશે. વિદ્યાર્થીઓ માટે સૌથી મોટો ફેરફાર પાસિંગ ધોરણોમાં છે, હવે દરેક વિષયના તમામ કમ્પોનન્ટ્સમાં 50 ટકા ગુણ મેળવવા અનિવાર્ય રહેશે. પાસીંગ માર્કસ નહીં, પરંતુ દરેક વિષયમાં જુદા જુદા પાસીંગ માર્કસ હોવાના કારણે હવે એકસૂત્રતા લાવવા માટે 50 પર્સન્ટેજ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને આર્કિટેક્ટરમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વિશેષ કોર્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. હવે વિદ્યાર્થીઓએ ફરજિયાત આ વિષયનો અભ્યાસ કરવો પડશે. સૌથી મહત્ત્વની વાત છે કે, સેમેસ્ટર-9ને સંપૂર્ણપણે પ્રેક્ટિકલ ટ્રેનિંગ માટે ફાળવવામાં આવ્યું છે, જેથી વિદ્યાર્થીઓ ફિલ્ડ પર જઈને વાસ્તવિક અનુભવ મેળવી શકે તે માટે આ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે. અભ્યાસક્રમના અંતિમ ચરણમાં હવે કેપસ્ટોન પ્રોજેક્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ દ્વારા વિદ્યાર્થીઓએ અત્યાર સુધી મેળવેલા તમામ જ્ઞાનનું સંકલન કરીને એક વ્યાપક અને સંશોધન આધારિત ડિઝાઈન રજૂ કરવાની રહેશે. આ ફેરફારોથી આર્કિટેક્ચર શિક્ષણ વધુ વ્યવહારુ અને વૈશ્વિક ધોરણો મુજબનું બનશે તેવી આશા રાખવામાં આવી રહી છે.